**-::રેગ્યુલર દિવાની મુકદમા નં-૭૨-૨૦૦૮::-**

**-::આંક-૨૨૦ તળે હુકમ ::-**

૧) હાલ ની અરજ પ્રતિવાદી દ્રારા સાક્ષી ને તપાસવા માટે આપાવામાં આવેલ છે. સદર અરજ રેર્કડ નો ભાગ હોય તેનુ પુનરાર્વતન કરેલ નથી. અને સદર અરજ માં પ્રતિવાદી દ્રારા નીચે મુજબ ની દાદ માંગેલ છે.

**દાદ નં-૧**

- ઉપરોકત અરજના પેરા નં-૨ માં જણાવેલ સાક્ષી નં-૧ જિ.ઇ.બી બારડોલી કચેરી ના જાણકાર અધીકારીશ્રી અને સાક્ષી નં-૨ ફરીદભાઇ સુલેમાન ગજીયા કે જે કોર્ટ કર્મીશ્નર દ્રારા જે પંચ નામુ કરવામાં આવેલા છે તેના પંચ છે. અને સરનામે અરજમાં જણાવ્યા મુજબ દસ્તાવેજો તથા તેને લગતી તમામ વિગતો પ્રમાણીત નકલો સાથે હાજર રહી જુબાની આપવા માટે સાક્ષી સમન્સ કાઢવા અરજ ગુજારેલ છે.

**દાદ નં–૨**

- નામદાર કોર્ટ ને યોગ્ય લાગે તેવી બીજી કોઇ અન્ય દાદ ન્યાય ના હીતમાં આપવા અરજ છે.

૨) આ કામે વાદી દ્રારા સદર અરજ નો લંબાણ પુર્વક જવાબ આપેલ છે અને તે રેર્કડ નો ભાગ હોય તેનુ પુનરાર્વતન કરેલ નથી જે જવાબ આ કામે આંક–૨૨૧ થી રજુ છે.

૩) આ કામે વાદી અને પ્રતિવાદી ના વિ.વ.શ્રી ની દલીલ સાંભળેલ છે. આ કામે સાક્ષી નં–૨ ને જે તપાસવા માંગે છે તે પંચનામા ના પંચ સાહેદ છે અને તે પંચનામુ ના પંચ સાહેદ ને તપાસવા માંગે છે આ કામે પંચનામુ જે તે વખતે અંકે પાડવામાં આવેલ છે અને તે આ કામે આંક–૧૧૮ થી રજુ છે. જે તે વખતે આ કામે સદર પંચાનમુ અંકે પડી ગયેલ છે અને તેમાં પ્રતિવાદી દ્રારા અંકે પાડવામાં આવે તો વાંધો નથી તે મતલબ નો શેરો મારેલ છે અને તે ના આધારે આંક–૧૧૭ ની અરજ પર જે તે વખતે મારા પુરોગામી જજ શ્રી એ અંકે પાડવામાં આવેલા છે અને સદર પંચનામુ આંક–૧૧૮,૧૨૦ થી રજુ છે. અને આ બાબતે વાદી પક્ષે પણ પંચનામુ અંકે પાડવાની અરજ આપેલ હતી અને તેમાં પ્રતિવાદી દ્રારા વાંધો લીધેલ નથી. હાલ નુ પંચનામુ જે તે વખતે પણ પ્રતિવાદી દ્રારા તકરાર લેવામાં આવેલ નથી. જે થી હાલ ના કામે જયારે

પંચનામુ રેર્કડ પર છે અને જે તે વખતે આ કામના પ્રતિવાદી દ્રારા કોઇ જ તકરાર લેવામાં આવેલ નથી. સદર પંચનામુ કોર્ટ ના રેર્કડ નો એક ભાગ છે જે થી હાલ ના કામે જયારે આ દસ્તાવેજ આંકે પડી ગયેલા છે અને જે કોર્ટ દ્રારા વંચાણે લેવાનુ છે ત્યારે આ  પંચનામા ના સાક્ષી પંચનામા  જે  લખેલ છે તે સિવાય કોઇ જ પુરાવો આપી શકવા સર્મથ નથી. વધુમાં જે સ્થળ  સ્થિતી માટે વાદી પંચનામા ના પંચ ને બોલાવા માંગે છે તે રેર્કડ પર છે જે થી હાલ ના કામે સદર સાક્ષી ની જુબાની આ સંજોગામાં જાયરે  પંચનામ ને આંકે પાડવામાં આવેલા છે અને જે સ્થળ સ્થતી છે તે પંચનામા થકી રેર્કડ  પર આવેલ છે જે થી હાલ ના તબકકે આ સાહેદ ને બોલાવા  ની કોઇ રીલેવશી જણાઇ આવતી નથી.

૪)  આ કામે સાક્ષી નં–૧ ને જે સમન્સ કાઢવા માંગે છે તે,  બાબતે પ્રતિવાદી ની અરજ માં  જણાવેલ છે કે સાક્ષી નં–૧ દ્રારા તકરારી મીલકત માં ઇન્ડસ્ટ્રીયલ વીજ કનેકશન ઇસ્યુ કરવામાં આવેલ છે વાદીએ પોતાની ઉલટ તપાસ માં વીજ મીટર મેળવતી વખતે માલીક ની સંમતી મેળવેલ છે  એવુ જણાવેલ છે. હમો પ્રતિવાદી ના માનવા મુજબ મારા પિતાશ્રી એ  ઇન્ડસ્ટ્રીયલ વીજ કનેકશન મેળવવા સંમતી આપેલ નથી.  તે ખરી હકીકત નામદાર કોર્ટ ના રેર્કડ ઉપર આવે તે  તથા  વાદી એ  ૧૯૮૬–૮૭ માં વીજ મિટર મેળવેલ જણાવેલ છે જે જયારે દાવા અરજ માં જણાવેલ કહેવાતી ૧૧*૧૧ ચો.ફૂટ વાળી જગ્યા વાદી એ સને ૧૯૯૪ અરસમાં કહેવાતા ભાડે લીધેલ છે. તેવુ દાવા અરજ માં જણાવેલ છે.  આ કામે જે લાઇટ બીલો રજુ કરેલા છે તે પ્રતિવાદી ના કથન મુજબ આંકે પાડવામાં આવેલા છે. જે તે વખતે વાદી દ્રારા નીસાની ૩–૩૫ થી ૩–૪૫ સુધી ના બીલો રજુ કરેલા છે અને તે ને આંકે પાડવા માટે  આંક–૮૦ થી વાદી દ્રારા અરજ આપવામાં આવેલ હતી તે પૈકી આ પ્રતિવાદી દ્રારા વાંધા લેવામાં આવેલ હતા પરંતુ નીશાની ૩–૩૫ થી ૩–૪૫ થી રજુ રાખેલા હતા જે તે વખતે પ્રતિવાદી દ્રારા આ દસ્તાવેજ ને આંકે પાડવા સામે ફૌર્મલ વાંધો પણ લીધેલ નથી. અને  તેમના જવાબમાં જણાવેલ છે કે " હમો પ્રતિવાદી ના પિતા એ તેમને માત્ર દુકાન અને તે પણ તેયાર ગાદલા વિગેરે નુ વેચાણ કરવા માટે ભાડે આપેલી તથા દુકાન ની પાછળનો એક રુમ રહેવા માટે આપેલો. પરીણામે તે સમયે આગળ ની દુકાન ની પાછળ નો એક રૂમ રહેવા માટે આપેલી તથા દુકાન પાછળ નો એક રૂમ રહેવા માટે આપેલો. પરીણામે તે સમયે આગળની દુકાન કોર્મશીયલ તથા પાછળ નો રૂમ રહેણાંક માટે એમ બે વીજ જોડાણ આપેલા" તેવા કથનો પ્રતિવાદી ના જ છે. આ કામે પ્રતિવાદી દ્રારા આંક–૭૦  થી તેમનો જવાબ પણ રજુ કરેલ છે તેમા પણ તેમને આ બાબતે વાંધો કે તકરાર લીધેલ નથી કે તે જવાબ માં તેમના પિતા એ આ બાબતે સંમતી આપેલ નથી તેવા કથનો પણ કરેલા નથી. જે થી જો સદર સાહેદ ને

તપાસવામાં આવે તો જે પ્રતિવાદી ના કથનો નથી તેવો પુરાવો રેર્કડ પર આવે. તથા વધૂમાં મે. ડીસ્ટ્રીક જજ સાહેબશ્રી રેગ્યલર સીવીલ અપીલ નં–૭–૨૦૨૧ ના કામે જે મુદા ઘડવામાં આવેલા છે તે કયા મુદા સાથે સંબઘત ઘરાવે છે કે તે કયા મુદા પ્રતિવાદી ને પુરવાર કરવામાં મદદરૂપ થાય તેમ છે તે દર્શાવામાં નિષ્ફળ નિવડેલા છે.

૫) સામન્ય રીતે કાયદા નો નીયમ છે કે જે પક્ષકારો ને તેમના સાહેદ તપાસવા માંગતા હોય તે તપાસવા દેવા જોઇએ અને આ બાબતે કોર્ટ દ્રારા લીબર વ્યુ રાખવો જોઇએ પરંતુ હાલ ના કામે ઉપર કરેલ ચર્ચ મુજબ આ કામે પ્રતિવાદી જે સાક્ષિ ને તપાસવા માંગે છે તે પૈકી સાક્ષી નં–૧ બાબતે જે બીલ રજુ કરેલા છે તે બાબતે તેમને તકરાર લીઘેલ નથી અને નતેવા તેમના કથનો પણ નથી અને તે પુરવાર કરવાનુ ભારણ પણ કોર્ટ દ્રારા તેમના પર મુકવામાં આવેલ નથી તેવી જ રીતે સાક્ષી નં–૨ કે જે આંક–૧૧૮ અને ૧૨૦ ના પંચનામા ના સાહેદ છે તે બાબતે જયારે પંચનામુ થયુ ત્યાર થી આંખે પાડવા સુધી કોઇ જ જગ્યા એ તકરાર લીઘેલ નથી અને કોર્ટ દ્રાર તેને આંકે પાડવામાં જ આવેલા છે. તે અને ઉપર કરેલ ચર્ચા ને આઘીન હાલ ની અરજ પર નીચે મુજબ નો હુકમ કરવામાં આવે છે.

–::આખરી હુકમ::–

૧) હાલ ની અરજ "**નામંજુર"** કરવામાં આવે છે.

૨) ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

**હુકમ આજ રોજ ખુલી અદાલત માં વાંચી,સંભળાવી ને જાહેર કર્યો.**

તારીખ :–૧૭ –૧૨–૨૦૨૪
સ્થળ :–બારડોલી

**(મોહિતકુમાર કીર્તિકુમાર શાહ)**
પ્રિન્સિપલ સિનિયર સિવીલ જજ અને
અધિક ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ
બારડોલી –સુરત
**UID:-GJ01208**